सत्यमेव जयते

# અનુસૂચિત જનજાતિના લોકોને જાતિ પ્રમાણપત્ર આપવા અંગેની સંકલિત સૂચનાઓ


ગુજરાત સરકાર

આદિજાતિ વિકાસ વિભાગ

બ્લોક નં. ૮/૯, સરદાર ભવન

નવા સચિવાલય, ગાંધીનગર

અનુ. જનજાતિના લોકોને જાતિ
પ્રમાણપત્ર આપવા અંગેની
સંકલિત સૂચનાઓ

ગુજરાત સરકાર
આદિજાતિ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ અજપ-૧૦૨૦૦૮-૬૭૧-ચ
તા. / /૨૦૦૯
21 JAN 2010

<u>વંચાણે લીધાઃ</u>

1. ભારત સરકારના તા. ૬-૯-૧૯૫૦ ના બંધારણ (અનુસુચિત જનજાતિ) હુકમ નં. એસઆરઓ-૫૧૦
2. ભારત સરકારના ગૃહ મંત્રાલય ના તા. ૨૯-૧૦-૧૯૫૬ ના જાહેરનામા ક્રમાંક એસ.આર.ઓ. – ૨૪૭૭- એ.
3. ભારત સરકારનો પત્ર ક્રમાંકઃ ૩૫-એ-૭૨-આરયુ (એસસીટી .વી.), તા.૨-૫-૭૫
4. ભારત સરકારના ગૃહ મંત્રાલયના તા. ૨૯-૩-૭૬ ના પત્ર ક્રમાંકઃ બીસી/ ૧૨૦૨૫/3/૭૬-એસસીટી-આઇ.
5. ભારત સરકારના કાયદો, ન્યાય અને કંપની એફેર્સ મંત્રાલયના તા. ૨૦-૯-૧૯૭૬ ના અનુસુચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (સુધારા અધિનિયમ) ૧૦૮/૧૯૭૬
6. ગુજરાત સરકારના મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંકઃ ૫વટ-૩૪૭૬/૬૫૪૧-જ૧ સેલ, તા. ૧-૧૧-૭૬
7. ભારત સરકારના ગૃહ મંત્રાલયના પત્ર ક્રમાંક ૧૨૦૨૫/૨/૭૬/એસસીટી-આઇ, તા.૨૨-૩-૭૭
8. ગુજરાત સરકારના મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના પરિપત્ર ક્રમાંક એસટીડબલ્યુ/૧૦૭૭/૭૫૪૦(૭૮)જ, તા.૨૬-૭-૭૮
9. ગુજરાત સરકારના મહેસૂલ વિભાગના પરિપત્ર ક્રમાંકઃ અદજ-૧૦૮૦-૩૪૩૩-ઝ, તા. ૧૮-૨-૮૧
10. ભારત સરકારના ગૃહ મંત્રાલયના તા. ૨૯-૩-૮૨ ના પત્રાંક બીસી/૧૨૦૧૫/ ૧૧/૭૯/ એસસી એન્ડ બીસીડી-આઇ-૪
11. ગુજરાત સરકારના સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંકઃ એસસીડબલ્યુ-૧૦૮૨-૫૯-ખ, તા. ૪-૬-૮૨
12. ભારત સરકારના ગૃહ મંત્રાલયના તા. ૨૯-૬-૮૨ ના પત્રાંક બીસી/૧૨૦૨૫/ ૧/૮૨/ એસસી એન્ડ બીસીડી--૪

13. ભારત સરકારના ગૃહ મંત્રાલયના પત્ર ક્રમાંકઃ બીસી-૧૬૦૧૪-૧-૮૨ એસસી એન્ડ બીસીડી-આઇ- તા.૧૮-૧૧-૮૨.

14. ગુજરાત સરકારના સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંકઃ એસસીડબલ્યુ-૧૦૮૨-૧૦૫૨-ખ, તા. ૨૨-૧૧-૮૨

15. ભારત સરકારના ગૃહ મંત્રાલયના પત્ર ક્રમાંકઃ બીસી-૧૬૦૧૪-૧-૮૨ એસસી એન્ડ બીસીડી-આઇ- તા. ૬-૮-૮૪

16. ગુજરાત સરકારના આદિજાતિ વિકાસ વિભાગના પરિપત્ર ક્રમાંકઃ અજપ-૧૨૮૬-ભારત સરકાર-૨-ચ, તા. ૨૭/૬/૮૬

17. ગુજરાત સરકારના સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંકઃ અજપ-૧૧૮૬-મુમ-૪૧-ચ તા. ૨૦-૧૨-૮૬

18. ગુજરાત સરકારના સમાજ કલ્યાણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ એસસીડબલ્યુ/૧૦૮૭/૮૪૬/ખ, તા. ૨૭/૧૦/૮૭

19. ગુજરાત સરકારના આદિજાતિ વિકાસ વિભાગના પરિપત્ર ક્રમાંકઃ અજપ-૧૨૮૬-૨૭૩-ચ, તા. ૧૭/૫/૮૮

20. ગુજરાત સરકારના સમાજ કલ્યાણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ એસસીડબલ્યુ-૧૦૮૭-૮૪૬-ખ, તા. ૨૪/૫/૮૮

21. ગુજરાત સરકારના સમાજ કલ્યાણ વિભાગના સુધારા ઠરાવ ક્રમાંક એસસીડબલ્યુ-૧૦૮૭-૮૪૬-ખ, તા. ૪/૩/૮૯.

22. ગુજરાત સરકારના આદિજાતિ વિકાસ વિભાગના પરિપત્ર ક્રમાંકઃ પરચ-૧૦૮૮-પીએસ/૧૦-ચ, તા. ૨૩/૮/૮૯.

23. ગુજરાત સરકારના આદિજાતિ વિકાસ વિભાગના પરિપત્ર ક્રમાંકઃ અજપ-૧૦૮૯-૬૩૦-ચ, તા. ૨૩/૮/૮૯

24. ભારત સરકારનો તા. ૨૦/૪/૯૦ નો પત્ર ક્રમાંકઃ- ૧૨૦૨૫/૬/૯૦/એસસીડી(આર.એલ.સેલ)

25. ગુજરાત સરકારના સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંકઃ અજપ-૧૯૯૦/૧૨૨૯/ચ, તા. ૨૫-૧-૯૧

26. ગુજરાત સરકારના આદિજાતિ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંકઃ અજપ-૨૦૯૨ - ૧૪૪૭-ચ તા. ૨૮-૧-૯૩

27. ગુજરાત સરકારના આદિજાતિ વિકાસ વિભાગના પરિપત્ર ક્રમાંકઃ અજપ-૧૯૯૩-૧૧૬૧-ચ તા. ૦૩-૦૨-૯૪

28. ગુજરાત સરકારના આદિજાતિ વિકાસ વિભાગના પત્ર ક્રમાંકઃ અજપ-૧૯૯૩-૧૧૬૮-ચ, તા. ૨૭-૦૬-૯૪

29. ગુજરાત સરકારના આદિજાતિ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંકઃ અજપ-૧૯૯૩-૧૧૬૮-ચ, તા. ૨૯-૧૧-૯૪

30. ગુજરાત સરકારના આદિજાતિ વિકાસ વિભાગના પરિપત્ર ક્રમાંકઃ અજપ-૧૯૯૪-મ-૭૬-ચ, તા. ૨૬-૦૪-૯૫
31. ગુજરાત સરકારના આદિજાતિ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંકઃ અજપ-૧૯૯૪-મ-૭૬-ચ, તા. ૩૦-૧-૯૬
32. ગુજરાત સરકારના આદિજાતિ વિકાસ વિભાગના વધારો ક્રમાંકઃ અજપ-૧૯૯૪-મ-૭૬-ચ, તા. ૧૩-૦૨-૯૬
33. ગુજરાત સરકારના આદિજાતિ વિકાસ વિભાગના સુધારા ક્રમાંકઃ અજપ-૧૯૯૪-મ-૭૬-ચ, તા. ૨૯-૦૨-૯૬
34. ગુજરાત સરકારના આદિજાતિ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંકઃ અજપ-૧૯૯૪-મ-૭૬-ચ, તા. ૨૮-૦૮-૯૭
35. ભારત સરકારનો પત્રાંક૧૬૦૧૪/૧૩/૯૮/એસસીડી(આર સેલ,) તા.૨૧/૫/૯૯
36. ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા (આદિજાતિ વિકાસ વિભાગ) ના પરિપત્ર ક્રમાંકઃ અજપ-૧૮૯૮-૨૬૬-ચ, તા. ૮-૬-૯૯ તથા તા.૧૧/૬/૯૯ નો પત્ર.
37. ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા (આ.વિ.) ના ઠરાવ ક્રમાંકઃ અજપ-૧૦૯૭-૧૬૪૯-ચ, તા. ૨૦/૭/૨૦૦૦
38. ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા (આ.વિ.) ના પરિપત્ર ક્રમાંકઃ પરચ-૨૦૦૦-૧૧૦૩-ચ, તા. ૨૫-૧૦-૨૦૦૦
39. ગુજરાત સરકારના આદિજાતિ વિકાસ વિભાગના પત્ર ક્રમાંકઃ પરચ-૨૦૦૦-૨૩૫-ચ, તા. ૨-૨-૨૦૦૧
40. ગુજરાત સરકારના આદિજાતિ વિકાસ વિભાગના પરિપત્ર ક્રમાંક અજપ-૨૦૧૯-મ-૩૦-ચ, તા. ૧૭/૨/૨૦૦૧.
41. ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા (આ.વિ.) વિભાગના પરિપત્ર ક્રમાંકઃ અજપ-૧૦૯૯-૨૦૮૪-હ, તા. ૧૯/૨/૨૦૦૧
42. ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા (આ.વિ.) વિભાગના પરિપત્ર ક્રમાંકઃ પરચ/૨૦૦૦/બેઠક/૭૩૩-ચ, તા. ૨૭/૭/૨૦૦૧
43. ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા (આ.વિ.) વિભાગના ઠરાવ ક્રમાંકઃ અજપ-૨૦૦૧-૧૯-૩૮૦-ચ, તા. ૧૮/૧/૨૦૦૨
44. ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા (આ.વિ.) વિભાગના પરિપત્ર ક્રમાંકઃ પરચ/૨૦૦૦/બેઠક/૭૩૩-ચ, તા. ૩૦/૧/૨૦૦૨
45. ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા (આ.વિ.) વિભાગના હુકમ ક્રમાંકઃ અજપ-૨૦૦૩-૨૦-જીઓઆઇ-૨૩-ચ, તા. ૫/૯/૦૩
46. ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા (આ.વિ.) વિભાગના ક્રમાંકઃ પરચ-૧૦૨૦૦૪-૧૦૧૫-ચ, તા. ૩/૦૭/૨૦૦૪

47. ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા (આ.વિ.) વિભાગના સુધારા ઠરાવ ક્રમાંકઃ અજપ-2003-૨૦-જીઓઆઇ-૨૩-ચ, તા. ૧૬/૭/૨૦૦૪
48. ગુજરાત સરકારના આદિજાતિ વિકાસ વિભાગના પત્ર ક્રમાંકઃ અજપ-૧૯૯૯-૧૩૧૬-ચ, તા. ૨૯/3/૦૫
49. ગુજરાત સરકારના સમાજ કલ્યાણ વિભાગના તા. ૨૭/૭/૯૫ ના પરિપત્ર ક્રમાંકઃ અજપ-૧૦૯૫-૩૩૫-ખ
50. ગુજરાત સરકારના આદિજાતિ વિકાસ વિભાગના પત્ર ક્રમાંકઃ પરચ-૨૦૦૦-૨૩૫-પાર્ટ-ચ, તા. ૯/૮/૨૦૦૫
51. ગુજરાત સરકારના આદિજાતિ વિકાસ વિભાગના પરિપત્ર ક્રમાંકઃ અજપ-૨૦૦૫-૧૧૨૪/ચ, તા. ૨૩/૯/૨૦૦૫
52. ગુજરાત સરકારના આદિજાતિ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંકઃ અજપ-૨૦૦૫-૯૩૭-ચ, તા. 30/૯/૨૦૦૫ તથા સરખા ક્રમાંકના ઠરાવ તા.૮/૭/૨૦૦૮
53. ગુજરાત સરકારના આદિજાતિ વિકાસ વિભાગના પરિપત્ર ક્રમાંકઃ અજપ-૨૦૦૬-૧૧૦-ચ, તા. ૧૭/3/૨૦૦૬
54. ગુજરાત સરકારના આદિજાતિ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંકઃ અજપ-૨૦૦૬-૩૭૯-ચ, તા. ૯/૬/૨૦૦૬
55. ગુજરાત સરકારના આદિજાતિ વિકાસ વિભાગના સુધારા ઠરાવ ક્રમાંકઃ અજપ-૨૦૦૫-૯૩૭-ચ, તા. ૧૮/૧૦/૨૦૦૬
56. ગુજરાત સરકારના આદિજાતિ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંકઃ અજપ-૨૦૦૭-૦૫૦-ચ, તા. ૦૭/૨/૨૦૦૭
57. ગુજરાત સરકારના આદિજાતિ વિકાસ વિભાગના પરિપત્ર ક્રમાંકઃ અજપ-૨૦૦૬-૧૨૬૪-ચ, તા. ૭/3/૨૦૦૭
58. ગુજરાત સરકારના આદિજાતિ વિકાસ વિભાગના પરિપત્ર ક્રમાંકઃ અજપ-૨૦૦૬-૧૨૬૪-ચ, તા. ૫/૪/૨૦૦૭
59. ગુજરાત સરકારના આદિજાતિ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંકઃ અજપ-૧૦૨૦૦૪-૧૨૩૮-ચ, તા.૧૨/૧૦/૨૦૦૭
60. ગુજરાત સરકારના આદિજાતિ વિકાસ વિભાગના પરિપત્ર ક્રમાંકઃ અજપ-૨૦૦૬-૧૨૬૪-ચ, તા.૨૬/૬/૨૦૦૭
61. ગુજરાત સરકારના આદિજાતિ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંકઃ અજપ-૨૦૦૭-૦૫૦-ચ, તા. ૨૭/૬/૨૦૦૭
62. ગુજરાત સરકારના આદિજાતિ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંકઃ વસપ-૨૦૦૭-તા.પ્ર.-૨૩૩૮૦-ચ, તા. ૩૧/3/૨૦૦૮
63. ગુજરાત સરકારના આદિજાતિ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંકઃ વસપ-૨૦૦૭-તા.પ્ર.-૨૩૩૮૦-ચ, તા.૨૮/૭/૨૦૦૮

64. ગુજરાત સરકારના આદિજાતિ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંકઃ અજપ-૨૦૦૫-૯૩૭-ચ, તા. ૮/૭/૨૦૦૮

**પ્રસ્તાવનાઃ -** સરકારી સેવાઓમાં અને સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓમાં અનુસૂચિત જનજાતિના ઇસમોને મળતા લાભો મેળવવા માટે અનુસૂચિત જનજાતિ સિવાયના ઇસમો ઘણીવાર ખોટા આધાર પૂરાવા રજુ કરી અથવા ગેરરીતિ આચરીને જાતિનું ખોટું પ્રમાણપત્ર મેળવી અનુસૂચિત જનજાતિને મળતા લાભો મેળવવા પ્રયત્નો કરે છે. આ પરિસ્થિતિ નિવારવા અને યુક્તિ પ્રયુક્તિથી કે જ્ઞાતિ અટકના ભળતા નામે અનુસૂચિત જનજાતિ સિવાયના ઇસમો ખોટું પ્રમાણપત્ર મેળવી ન જાય તે માટે પૂરતી તકેદારી તથા કાળજી રાખવી જરૂરી બને છે. ખોટા જાતિ પ્રમાણપત્રો મેળવી લાભ મળવાપાત્ર ન હોય તેવા જાતિના ઇસમોને જાતિનું પ્રમાણપત્ર મેળવ્યુ હોય તેવું ધ્યાન પર આવે તો તે તાત્કાલિક રદ કરી તેવા ઇસમો સામે અને ખોટા પ્રમાણપત્રો આપનાર અધિકારીશ્રીઓ સામે શિસ્ત વિષયક તથા ફોજદારી પગલાં લેવાય તે પણ જરૂરી છે. સદરહું બાબતમાં ભારત સરકારના ગૃહ મંત્રાલયના તા. ૨૯/૬/૧૯૮૨ ના પત્ર ક્રમાંકઃ બીસી-૧૨૦૨૫-૧-૮૨-એસસી એન્ડ બીસીડી/૪, અન્વયે દરેક રાજ્ય સરકારને સૂચના આપવામાં આવેલ છે કે જાતિ પ્રમાણપત્ર આપવાની બાબત ખૂબ જ અગત્યની, સંવેદનશીલ અને ગંભીર હોઇ જરૂરી તમામ બાબતોની ચોક્કસાઇ કર્યા સિવાય જાતિનું પ્રમાણપત્ર આપવામાં ન આવે તેની તકેદારી રાખવામાં આવે. જે બાબતોના આધારે પ્રમાણાપત્રો આપવામાં આવે મહેસૂલી રેકર્ડના આધારે પ્રસ્થાપિત થયેલા હોવા જોઇએ.

ઉપર દર્શાવેલ પરિસ્થિતિમાં ભારત સરકાર તથા રાજ્ય સરકારના વિવિધ હુકમો / ઠરાવો / પરિપત્રો વગેરેથી આપવામાં આવેલ સૂચનાઓ તથા પ્રમાણપત્ર આપવામાં / મેળવવામાં થતી ગેરરીતિઓ અંગેની ફરિયાદો તથા તેમાંથી ઉપસ્થિત થયેલા નામદાર સર્વોચ્ચ અદાલત અને નામ. વડી અદાલતના નોંધ પાત્ર વિવિધ ચુકાદાઓમાં આપવામાં આવેલ સૂચનાઓ વગેરે ધ્યાને લઇ તથા ઉપર વંચાણે લીધેલ પત્રો / ઠરાવો / પરિપત્રો વગેરેથી આપવામાં આવેલ સૂચનાઓની સમીક્ષા કરી આ સૂચનાઓનો મૂળ હેતુ જળવાઇ રહે અને ઉકત જોગવાઇઓનો દુરુપયોગ ન થાય અને અનુસૂચિત જનજાતિના ઇસમો પ્રમાણપત્રો મેળવવાના તેમના અધિકારો અને

લાભાર્થી વંચિત ન રહી જાય તે માટે પ્રવર્તમાન નીતિમાં જરૂરી સુધારા વધારા કરવાનું જરૂરી જણાયેલ છે.

અનુસૂચિત જનજાતિના પ્રમાણપત્ર આપનાર સક્ષમ અધિકારીઓને પડતી મુશ્કેલીઓ મહદઅંશે નિવારી શકાય તથા શંકાસ્પદ પ્રમાણપત્રો પરત્વે સરકારશ્રીની વિધમાન સૂચનાઓ મુજબ સત્વરે કાર્યવાહી હાથ ધરવામાં સક્ષમ અધિકારીઓને સરળતા રહે તે હેતુથી ભારત સરકારના તથા રાજ્ય સરકારના ઉપર વંચાણમાં લીધેલ પત્રો /ઠરાવો / પરિપત્રો વગેરેનું એકત્રિકરણ કરીને એક સંકલિત ઠરાવ બહાર પાડવાનું જરૂરી જણાતા નીચે જણાવ્યા મુજબના સંકલિત ઠરાવ આથી બહાર પાડવામાં આવે છે અને ગુજરાત સરકારના આ અગાઉના આ વિષયના ઉપર દર્શાવેલ તમામ પત્રો / પરિપત્રો / ઠરાવો રદ કરવામાં આવે છે.

**અનુ. જનજાતિની યાદીઃ-**

**અનુ. જનજાતિની યાદીઃ –**

ભારતના બંધારણની કલમ ૩૪૨ હેઠળ ભારતના રાષ્ટ્રપતિએ રાજ્યના રાજ્યપાલશ્રી સાથે પરામર્શ કરી ગુજરાત રાજ્ય માટે તા. ૧૮/૦૯/૭૬, તા. ૩/૦૬/૦૨ અને તા. ૮/૦૧/૦૩ ના જાહેરનામાથી અનુ. જનજાતિની યાદી બહાર પાડેલ છે. (પરિશિષ્ટ-૧ મુજબ – ગુજરાતી અને અંગ્રેજીની નકલ)

**સમક્ષ અધિકારીઓની યાદી**

**સમક્ષ અધિકારીઓની યાદીઃ –**

ભારત સરકાર અને રાજ્ય સરકારે અનુ. જનજાતિને પ્રમાણપત્ર આપવા સક્ષમ અધિકારીઓની યાદી બહાર પાડેલ છે.
(પરિશિષ્ટ-૨ મુજબ)

**અનુ.જનજાતિના પ્રમાણપત્રોના નમૂનાઃ**

**અનુ.જનજાતિના પ્રમાણપત્રોના નમૂનાઃ –**

અનુ. જનજાતિનું પ્રમાણપત્ર મેળવવા લાભાર્થી નિયત નમૂના પરિશિષ્ટ-૩ માં જરૂરી આધાર-પુરાવા સાથે અરજી કરવાની રહેશે. સક્ષમ અધિકારીએ નિયત નમૂના પરિશિષ્ટ-૪ માં ગુજરાતી / અંગ્રેજીમાં અનુ. જનજાતિનું પ્રમાણપત્ર આપવાનું રહેશે.

**અનુ. જનજાતિના પ્રમાણપત્ર કોને મળી શકે**

**અનુ.જનજાતિના પ્રમાણપત્ર કોને મળી શકે –**

(૧) ભારત સરકારે પ્રસિદ્ધ કરેલ પરિશિષ્ટ-૧ માં દર્શાવેલ અનુ. જનજાતિની યાદીમાં સમાવેશ કરેલ અનુ. જનજાતિના ઇસમો

(૨) અરજદાર વ્યક્તિ જન્મથી જ અનુ. જનજાતિનો અને ગુજરાત રાજ્યનો મૂળ વતની હોવો જોઇએ.

(૩) અરજદારના માતા-પિતા (પૂર્વજો) અનુ. જનજાતિના હોવા જોઇએ.

(૪) અનુ. જનજાતિની વ્યક્તિ કોઇપણ ધર્મ અપનાવી શકે.

(૫) અનુ. જનજાતિના સભ્ય અથવા તેના માતા-પિતા/ પ્રપિતા/ વડવાઓ પ્રેસીડેન્સીયલ ઓર્ડર તા. ૧૦/૮/૫૦ બહાર પડ્યાની તારીખ અથવા તે પહેલાં ગુજરાત રાજ્યમાં કાયમી વસવાટ ધરાવતા હોય તેવા ઇસમોને ગુજરાતના અનુ. જનજાતિ તરીકે ગણવાના રહેશે. અને તેવા ઇસમોને સક્ષમ અધિકારીશ્રીઓ તરફથી અનુ. જનજાતિ તરીકેનું જાતિ પ્રમાણપત્ર આપવાનું રહેશે.

**અરજદારે મૂળ રાજ્યનો જાતિ પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.**

(૬) પરપ્રાન્ત અનુ. જનજાતિના ઇસમો નોકરી, ધંધા, રોજગાર વગેરે હેતુસર સ્થળાંતર કરીને ગુજરાતમાં હંગામી વસવાટ કરતાં હોય તેવા અનુ. જનજાતિના ઇસમોને પરિશિષ્ટ – ૨ માં દર્શાવેલા સક્ષમ અધિકારીઓ પરિશિષ્ટ-૫ માં દર્શાવેલા નમૂનામાં સંબંધિત ઇસમોને તેને તેના મૂળ રાજ્યના સંદર્ભમાં અનુ. જનજાતિના ઇસમ તરીકેનું જાતિ પ્રમાણપત્ર આપી શકશે.

(૭) સક્ષમ અધિકારીએ અનુ. જનજાતિના વિદ્યાર્થીઓને ધોરણ – ૮ થી અનુ. જનજાતિનું પ્રમાણપત્ર આપવાનું રહેશે.

**<u>આંતર જ્ઞાતિય લગ્ન અંગેઃ –</u>**

**આંતર જ્ઞાતિય લગ્ન અંગેઃ**

આંતર જ્ઞાતિય લગ્નના કિસ્સામાં પતિ અથવા પત્ની અનુ.જન જાતિના હોવા જોઇએ. તેઓના બાળકોનો ઉછેર અનુ. જનજાતિના સમાજમાં થયો હોય અને જે તે સંબંધિત સમાજે તેને સ્વીકારેલો હોય, સક્ષમ અધિકારીને બાળકોના નિવાસ અને જ્ઞાતિ રિવાજ અંગે સંતોષ થતા બાળકને અનુ. જાનજાતિનું પ્રમાણપત્ર આપી શકાશે.

**<u>દત્તક અંગેઃ –</u>**

**દત્તક અંગેઃ**

અનુ. જનજાતિની વ્યક્તિ દત્તક લીધેલ બિન અનુ. જનજાતિના બાળક માટે પ્રમાણપત્રની માંગણી કરે ત્યારે ખરાઇ કરવા માટે યોગ્ય વ્યક્તિની સમિતિની રચના કરી તેના અહેવાલના આધારે પ્રમાણપત્ર આપવું.

**વિસ્થાપિતો અંગે:**

## <u>વિસ્થાપિતો અંગે: –</u>

ભારત સરકાર તા. ૪/૬/૮૨ ના જાહેરનામાથી સરદાર સરોવર યોજનાના કારણે મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રમાંથી વિસ્થાપિત થયેલા અને ગુજરાતમાં સ્થાયી થયેલાઓને અનુ. જનજાતિના લાભો આપવાનું સ્વીકારેલ છે. વિસ્થાપિત અનુ.જનજાતિના લોકોએ મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્ર રાજ્યના જાતિ પ્રમાણપત્રના દાખલા સાથે પુનઃવસવાટ વિભાગના મદદનીશ કમિશ્નરશ્રી, સરદાર સરોવર પુનઃવસવાટ એજન્સી, વડોદરા મારફત સક્ષમ અધિકારીને પ્રમાણપત્ર માટે દરખાસ્ત કરવાની રહેશે.

**નોકરી, શિક્ષણ વગેરે કારણોસર સ્થળાંતર**

## <u>નોકરી, શિક્ષણ વગેરે કારણોસર સ્થળાંતરઃ –</u>

નોકરી, શિક્ષણ વગેરે કારણોસર સ્થળાંતર કરનાર અનુ. જનજાતિના ઇસમો પોતાના સંતાનો માટે પોતાનું અનુ. જનજાતિનું પ્રમાણપત્ર રજૂ કરવાથી તેમજ સક્ષમ અધિકારીને સંતોષ થતાં સંતાનો માટે અનુ. જનજાતિનું પ્રમાણપત્ર આપી શકાશે.

**પ્રમાણપત્ર આપવા ચોકસાઇ રાખવા**

## <u>પ્રમાણપત્ર આપવામાં ચોક્કસાઇ રાખવાઃ –</u>

અનુ. જનજાતિનું પ્રમાણપત્ર આપવામાં સક્ષમ અધિકારીએ નીચે મુજબ ચોકસાઇ રાખવાની રહેશે.

(૧) એક જિલ્લાના સક્ષમ અધિકારી અન્ય જિલ્લાના લાભાર્થીને અનુ. જનજાતિનું પ્રમાણપત્ર આપી શકશે. અરજદાર પાસેથી જરૂરી આધાર-પુરાવા મેળવી કાર્યવાહી કરવાની રહેશે.

(૨) કોઇપણ વ્યક્તિની ભલામણ, સોગંદનામું, પેઢીનામું વગેરેના આધારે પ્રમાણપત્ર આપી શકશે નહિ.

(૩) કેન્દ્ર અને રાજ્ય સરકારની સૂચનાઓ ધ્યાનમાં રાખી પ્રમાણપત્ર આપવાનું રહેશે.

(૪) લાભાર્થીના રહેઠાણ, માતા-પિતાના જાતિ પ્રમાણપત્ર, એસ.એસ.સી. / શાળા છોડ્યાનું પ્રમાણપત્ર, ચૂટણી ઓળખકાર્ડ, જન્મ નોંધણી, ગામના દફતરે રાખવામાં આવતું રેકર્ડ, વિગતદર્શક કાર્ડ, મસવાડી પહોંચ, ફોરેસ્ટના દાખલા, વગેરેની કાળજીપૂર્વક ચકાસણી કરી, પ્રમાણપત્ર આપવું.

(૫) વિગત દર્શક કાર્ડ માત્ર એક આધાર તરીકે ગણવો તેમજ પ્રમાણપત્ર આપવા ઉપર આગળ જણાવ્યા પ્રમાણે આનુષાંગિક પુરાવો મેળવી આગળ કાર્યવાહી કરવી.

(૬) રાજ્યમાં પછાત જાતિઓમાં સમાન અટક આવે, ત્યારે પ્રમાણપત્ર આપતી વખતે અટકને નહિ, પરંતુ જ્ઞાતિને ધ્યાનમાં લઇ કાર્યવાહી કરવી.

(૭) જાતિ પ્રમાણપત્ર અંગેનું રેકર્ડ કાયમી પ્રકારનું રેકર્ડ છે. તેની જાળવણી કરવી ફરજિયાત છે.

(૮) સક્ષમ અધિકારીએ જાતિ પ્રમાણપત્ર રજિસ્ટરમાં લાભાર્થીના નામ, અટક, સરનામું વગેરેની સંપૂર્ણ નોંધ રાખવી અને પ્રમાણપત્રની ફૂટ નોંધમાં નોંધ કરવી.

(૯) વારસાઇના આધારે જાતિ પ્રમાણપત્ર આપી શકાય, પરંતુ તેની ખરાઇ કરીને આપવાનું રહેશે. અગાઉ આપેલ જાતિ પ્રમાણની ચકાસણી કરી શકાશે અને ખોટું હોય તો તે વિશ્લેષણ સમિતિને ચકાસણી માટે આપી શકાશે.

(૧૦) પેરન્ટ શબ્દનું અર્થઘટક લોહીનો સંબંધ ધરાવતા પૂર્વજો કરવાનું રહેશે.

(૧૧) શંકાસ્પદ કિસ્સામાં કમિશ્નરશ્રી (આ.વિ.) નું માર્ગદર્શન મેળવવું.

**ગીર, બરડા અને આલેચના જંગલના નેશ વિસ્તારમાં રહેતા રબારી, ચારણ અને ભરવાડને અનુ. જનજાતિનું પ્રમાણપત્ર આપવા અંગેઃ –**

**ગીર, બરડા અને આલેચના જંગલના નેશ વિસ્તારમાં રહેતા રબારી, ચારણ અને ભરવાડને અનુ. જનજાતિનું પ્રમાણપત્ર આપવા અંગેઃ –**

(૧) ભારત સરકારના ગૃહ મંત્રાલયના તા. ૨૯/૧૦/૫૬ ના જાહેરનામના દિવસે કે તે પહેલા ગીર, આલેચા અને બરડા જંગલના નેશ વિસ્તારમાં રહેતા રબારી, ભરવાડ અને ચારણને અનુ. જનજાતિનું પ્રમાણપત્ર મળવાપાત્ર છે.

(૨) જાહેરનામાં પછી જન્મેલા ઇસમોના માતા-પિતા (પૂર્વજો) નેશ વિસ્તારમાં રહેતા હોય તેમને પણ અનુ. જનજાતિનું પ્રમાણપત્ર મળવાપાત્ર છે.

(3) ગીર અભ્યારણની યોજનાના કારણે, જંગલો સંરક્ષિત વિસ્તાર જાહેર કરવામાં આવ્યા હોય તેમજ સરકારશ્રીના અન્ય કોઇ યોજનાના કારણે નેશોમાં રહેતા લાભાર્થીઓને સ્થળાંતર કરવું પડ્યુ હોય પરંતુ તેમના પૂર્વજો રાષ્ટ્રપતિના જાહેરનામાના દિવસે કે તે પહેલાં નેશોમાં રહેતા હોય તેમને પણ અનુ. જનજાતિનું પ્રમાણપત્ર મળવાપાત્ર છે.

(૪) ગીર, બરડા અને આલેચના જંગલના નેશ વિસ્તારમાંથી સ્થળાંતરિત થયેલ રબારીઓના અનુ. જનજાતિના દરજ્જાની ચકાસણી કરી અહેવાલ તૈયાર કરવા માટે રાજ્ય સરકારે શ્રી જે. એમ. મલકાણ નિવૃત્ત સંયુકત નિયામકશ્રી, સમાજ કલ્યાણની નિમણૂંક કરી હતી. રબારી સમાજના આગેવાનોએ અનુ. જનજાતિ પ્રમાણપત્ર મળવાપાત્ર રબારી ઇસમોના નામોની તાલુકાવાર યાદી સરકારશ્રીમાં રજૂ કરેલ હતી, જે શ્રી મલકાણે ચકાસેલ અને તેમની ચકાસણી દરમ્યાન પ્રાપ્ત કરેલ માહિતી અન્વયે ઉકત યાદીઓમાં જે ઇસમોના નામ સામે નોંધો છે તેની વિગત આપતું કાર્ડ (વિગત દર્શક કાર્ડ) સંબંધિત ઇસમોને આપવાની કામગીરી જે તે સમયના નિયામકશ્રી (આ.વિ.) ને સોંપવામાં આવેલ હતી. વિગત દર્શક કાર્ડમાં જે માહિતી આપવામાં આવી છે તેની ચકાસણી આ વિગતે કે નિયામકશ્રી (આ.વિ.) કરેલ નથી. એટલે કે શ્રી મલકાણે કરેલ ચકાસણીના આધારે જ ઉકત વિગત દર્શક કાર્ડમાં માહિતી દર્શાવામાં આવી છે. અને ઉકત માહિતીના આધારે અનુ. જનજાતિનું પ્રમાણપત્ર આપવા મામલતદારશ્રીને જણાવેલ છે.

(૫) ગીર, આલેચ અને બરડાના જંગલના નેશ વિસ્તારો વહીવટી દ્રષ્ટિએ જે તાલુકામાં હોય તે તમામ તાલુકાઓમાં તાલુકાદીઠ તાલુકા કક્ષાની સમિતિની રચના કરવામાં આવી છે.

**સમિતિના સભ્યો**

| | | |
|---|---|---|
| (૧) | તાલુકા મામલતદારશ્રી | અધ્યક્ષ |
| (૨) | તાલુકા વિકાસ અધિકારીશ્રી | સભ્ય |
| (3) | રેન્જ ફોરેસ્ટ ઓફિસરશ્રી | સભ્ય |

સમિતિની બેઠક દર અઠવાડિયે બોલાવવાની રહેશે.

૧. અનુ. જનજાતિનું પ્રમાણપત્ર મેળવવા ઇચ્છુક ઇસમોએ તેઓ વસવાટ કરતા હોય તે તાલુકા મામલતદારશ્રીને પોતાના નેસમાંના વસવાટ અંગેના પુરાવાઓ જેવા કે વિગતદર્શક કાર્ડ, મસવાડી પહોંચ, જંગલ ખાતાના આધારો, રેશનકાર્ડ, મતદાર યાદી, જન્મનું પ્રમાણપત્ર ચૂંટણી કાર્ડ, શાળા છોડ્યાનું પ્રમાણપત્ર વગેરે સક્ષમ અધિકારીઓને રજૂ કરવાના રહેશે. પુરાવા રજૂ

કરવાની જવાબદારી અરજદારશ્રીની રહેશે. સક્ષમ અધિકારીએ ૬૦ દિવસમાં પ્રમાણપત્ર આપવાની કાર્યવાહી નીચે મુજબની રહેશે.

૨. તાલુકા મામલતદારને અરજી મળતાં તે તાલુકા મામલતદારે તેની પહોંચ પાઠવી, આવી અરજી અરજદારનો નેશ જે તાલુકા વિસ્તારમાં પડતો હોય તે તાલુકા મામલતદારને દિન-૭ માં મોકલવાની રહેશે.

૩. નેશ વિસ્તારના તાલુકા મામલતદારને આવી અરજી મેળ્યેથી તેઓ દિન-૪૫ માં તાલુકા કક્ષાની નિયત કરેલ સમિતિ સમક્ષ આવી અરજીઓ રજૂ કરી, નિર્ણય કરી તેમનો સ્પષ્ટ અભિપ્રાય જે તાલુકા મામલતદાર તરફથી અરજી મળી હોય તેઓને પરત કરવાની રહેશે.

૪. મામલતદારે આવી પરત મળેલ અરજી અંગે સંબધિત તાલુકા મામલતદારે દિન-૭ માં અરજદારને જો પ્રમાણપત્ર આપવા પાત્ર થતું હોય તો સત્વરે નિયત નમૂનામાં પ્રમાણપત્ર આપવાનું રહેશે અને પ્રમાણપત્ર આપવાનું થતું ન હોય તો તેની જાણ અરજદારને તાલુકા સમિતિની બેઠકની તારીખ અને તેમના સ્પષ્ટ અભિપ્રાય સાથે કરવાની રહેશે.

૫. એપ્રિલ, મે અને જૂન માસ દરમ્યાન તાલુકા સમિતિએ તેમને મળેલ અરજીઓ પરત્વે શક્ય વહેલી સમિતિની બેઠકો બોલાવી નિર્ણય લઇ જે તાલુકા મામલતદાર તરફથી અરજી મળી હોય તેઓને અભિપ્રાય સહિત પરત કરવાની રહેશે.

૬. તાલુકા કક્ષાની નિયત કરેલ સમિતિ સમક્ષ સંબંધિત મામલતદારશ્રીએ પરિશિષ્ટ-૬માં જાતિનું પ્રમાણપત્ર અંગેની માહિતી આપવાની રહેશે. કલેક્ટરશ્રીએ મહેસૂલી અધિકારીઓની માસિક બેઠકમાં જાતિ પ્રમાણપત્ર આપવા અંગેના મુદ્દાનો સમાવેશ કરી સમીક્ષા કરવાની રહેશે અને મામલતદારશ્રીને જરૂરી સુચના આપવાની રહેશે અને સંકલિત માહિતી રાજ્ય સરકારને મોકલવાની રહેશે.

૭. રબારી, ભરવાડ અને ચારણ જાતિના ઇસમોને કાયમી વસવાટ જે તે નેશમાં પુરવાર કરવા અંગેના પુરાવાઓ આપવા ઘણી મુશ્કેલીઓ પડતી હોય છે. તેઓના જાતિનો દરજ્જો નકકી કરતા પુરાવાઓ અંગે માર્ગદર્શક બાબતો નકકી કરવા મુખ્ય સચિવશ્રીના અધ્યક્ષ સ્થાને નીચે મુજબ સમિતિની રચના કરવામાં આવી છે.

| | |
|---|---|
| (૧) મુખ્ય સચિવશ્રી | અધ્યક્ષ |
| (૨) સચિવશ્રી, મહેસૂલ | સભ્ય |
| (૩) સચિવશ્રી, (આ.વિ.વિ.) | સભ્ય |
| (૪) કમિશ્નરશ્રી, (આ.વિ.) | સભ્ય |
| (૫) નાયબ સચિવશ્રી (બજેટ) | સભ્ય સચિવશ્રી |

જે વિસ્તારોમાં હાલ જે. એમ. મલકાણ સમિતિના અહેવાલના આધારે રજીસ્ટરો ઉપલબ્ધ છે તે રજીસ્ટરોની નકલના દરેક પાના પ્રમાણિત કરીને સંબંધિત કલેકટરશ્રીને મોકલી આપવાની રહેશે અને આવા રજીસ્ટરોમાં આધાર-પુરાવાના કોલમમાં જેટલા કેસો માટે તા. ૨૯/૧૦/૫૬ પહેલાં ના માન્ય આધાર પુરાવા બતાવવામાં આવેલ હોય તેટલા જ કેસો હાલ પૂરતા સાચા ગણી જાતિનું પ્રમાણપત્ર આપવાનું રહેશે.જયારે અન્ય કેસો જેમાં દાખલા તરીકે ૧૯૫૬ પછીના નેસના વસવાટને આધારે ગણવામાં આવ્યા હોય. તે સ્થળાંતર હોવાનું જણાય છે જેવા લખાણ હોય તેવા કેસોમાં પૂરતી ચકાસણી કર્યા પછી જાતિ પ્રમાણપત્ર આપવામાં આવે તેની કાળજી રાખવાની રહેશે.

રાજ્યના દરેક તાલુકામાં મામલતદારશ્રીને કચેરીમાં અનુ. જનજાતિ પ્રમાણપત્ર આપવા અંગેનું સમગ્ર તાલુકાનું સામાન્ય રજીસ્ટર જુલાઇ-૦૯ થી નિભાવવામાં આવશે. આ રજીસ્ટરમાં નોંધ કર્યા બાદ જ તમામ કચેરીઓ દ્વારા પ્રમાણપત્ર આપી શકશે. અન્ય કચેરી દ્વારા અપતા પ્રમાણપત્ર અંગેનું રેકર્ડ જે તે કચેરીમાં સાચવવાનું રહેશે.

ઓક્ટો-૨૦૦૯ માં ઘનિષ્ઠ ઝુંબેશ હાથ ધરી મસવાડી પહોંચ અને અન્ય પુરાવાઓ સમિતિના ધ્યાને મૂકી ખરાઇ કરી અને પ્રમાણપત્ર આપવાની કાર્યવાહી હાથ ધરવાની

રહેશે ત્યારબાદ ભવિષ્યમાં આ વિસ્તારમાં રહેતા લોકો માટે આ પ્રક્રિયા હાથ ધરવાની રહેશે નહિ.

૧૯૪૭ પહેલાની એક પણ મસવાડી પહોંચ માન્ય રાખી શકાય નહિં કારણ કે તે વખતે જંગલમાં જતા તમામને પહોંચ આપવામાં આવતી હતી.

**ખોટા પ્રમાણપત્રો આપવા અંગે શિક્ષાત્મક કાર્યવાહીઃ –**

**ખોટા પ્રમાણપત્રો આપવા અંગે શિક્ષાત્મક કાર્યવાહી**

(૧) સક્ષમ અધિકારીએ જાતિના પ્રમાણપત્રો આપતી વખતે ભારત સરકાર અને રાજ્ય સરકારની સૂચનાઓનો પાલન કરવાનું રહેશે અને જો તે ધ્યાનમાં લેવામાં નહિ આવે તો તે અધિકારી સામે ભારતીય ફોજદારી ધારાની કલમ ૪૨૦ હેઠળ તેમજ ખાતાકીય રાહે પગલાં લેવામાં આવશે.

(૨) ખોટા પુરાવાઓ રજૂ કરવા બદલ અરજદારો સામે પણ ભારતીય ફોજદારી ધારા-૪૨૦ હેઠળ કાર્યવાહી કરવામાં આવશે.

(૩) ખોટા પ્રમાણપત્રો આપનાર સક્ષમ અધિકારી સામે નિવૃત્ત પછી ૪ વર્ષ સૂધી આઇ.પી.સી.-૪૨૦ હેઠળ અને શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

(૪) રેકર્ડની જાળવણી નહિ કરનાર અધિકારી સામે પણ શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

(૫) ખોટા પ્રમાણપત્ર આપનાર સક્ષમ અધિકારી સામે ગમે ત્યારે ભારતીય ફોજદારી ધારા-૪૨૦ હેઠળ કેસ કરવામાં આવશે.

(૬) તાલુકા સમિતિમાં ગેરહાજર રહેનાર સભ્યની પણ સંયુકત જવાબદારી ગણી ખોટા પ્રમાણપત્ર માટે કાર્યવાહી કરવામાં આવશે.

**અપીલ અંગેઃ –**

**અપીલ અંગે**

(૧) અનુ. જનજાતિનું પ્રમાણપત્ર આપવા સક્ષમ અધિકારીઓની ઉપર એપીલેટ અને મોનીટરીંગ ઓથોરીટી તરીકે જિલ્લા કલેકટરશ્રીને નિમણુંક આપવામાં આવે છે.

(૨) સક્ષમ અધિકારીના આદેશ સામે અરજદારશ્રીએ દિન-૧૫ માં સંબંધિત કલેકટરશ્રીને અપીલ અરજી કરવાની રહેશે.

(૩) કલેકટરશ્રીએ યોગ્ય ચકાસણી કરી અરજદારને રૂબરૂ સાંભળી દિન-૧૫ માં લેખિત હુકમ કરીને અરજદાર અને સક્ષમ

અધિકારીને જાણ કરવાની રહેશે. સક્ષમ અધિકારીને અરજી પુનઃવિચારણા માટે નહિ મોકલતા નિર્ણય કરવાનો રહેશે.

રીવીઝન અંગે

**રીવીઝન અરજી અંગેઃ –**

અપીલના નિર્ણય સામે અરજદારશ્રીએ નાયબ સચિવશ્રી (જાતિ પ્રમાણપત્ર.)આ.વિ.વિ.સચિવાલય, ગાંધીનગરને રીવીઝન અરજી કરવાની રહેશે. રીવીઝન અધિકારી જે આદેશ કરશે તે અરજદારશ્રી અને સક્ષમ અધિકારીને બંધનકર્તા રહેશે.

અન્વેષણ સમિતિ

**અન્વેષણ સમિતિ –**

જૂનાગઢ જિલ્લાના ગીર, બરડા અને આલેચના જંગલના નેશ વિસ્તાર માટે અને પંચમહાલ જિલ્લા માટે અલગ અલગ બે અન્વેષણ સમિતિની રચના કરવામાં આવે છે.

સમિતિમાં નીચે દર્શાવેલા સભ્યો રહેશે.

(૧) નાયબ કલેકટરશ્રી / ડેપ્યુટી સુપ્રિટેન્ડન્ટ ઓફ પોલીસ

(૨) નિવૃત્ત મામલતદારશ્રી / આદિજાતિ વિષયના નિષ્ણાંત વ્યક્તિ સંબંધિત કલેકટરશ્રીએ પ્રમાણિક વ્યક્તિ, તપાસ ચાલતી ન હોય તેવા અધિકારીની નિમણુંક આપવાની રહેશે.

(3) સભ્યોને માસિક રૂા. ૧૫,000/- માનદ્દ વેતન મળવાપાત્ર છે.

(૪) નાણાં વિભાગના તા. ૧૮/૮/૮૨ ના ઠરાવ પ્રમાણે વાહન ભથ્થુ મળવાપાત્ર થશે.

(૫) સ્ટેશનરી, ઝેરોક્ષ, ટાઇપીંગ માટે રૂા. ૨,૫00/- ચૂકવવામાં આવશે.

**અન્વેષણ સમિતિના કાર્યોઃ –**

(૧) શંકાસ્પદ જાતિ પ્રમાણપત્ર ધરાવનાર ઇસમને તેમના પુરાવા તેમજ રજૂઆતની પુરતી તક જિલ્લા અન્વેષણ સમિતિને આપવાની રહેશે.

(૨) અન્વેષણ સમિતિએ દર માસે ૧૦ જેટલા શંકાસ્પદ, જાતિ પ્રમાણપત્રોના કેસો ચકાસવાના રહેશે.

(3) અન્વેષણ સમિતિએ શંકાસ્પદ, જાતિ પ્રમાણપત્ર સંદર્ભમાં આપેલ અભિપ્રાય અનુસાર જાતિ પ્રમાણપત્ર ગ્રાહ્ય રાખવાપાત્ર છે કે ગ્રાહ્ય રાખવા પાત્ર નથી. તેના વિગતવાર કારણો સહિતની નોંધ સાથે જે તે સંસ્થા/કચેરી તરફથી ફરીયાદ મળેલ હોય તેને જાણ કરવાની રહેશે.

(૪) ખોટી રીતે મેળવેલ જાતિ પ્રમાણપત્ર રદ કરવાની તથા તે મેળવનાર તથા ઇસ્યુ કરનાર ઓથોરીટી સામે ફોજદારી કાર્યવાહી હાથ ધરવાની ભલામણ અન્વેષણ સમિતિ કરી શકશે.

(૫) જિલ્લા અન્વેષણની સમિતિના અહેવાલ ઉપર રાજ્ય સ્તરની હાલ કાર્યરત વિશ્લેક્ષણ સમિતિ આખરી નિર્ણય કરશે.

(૬) જિલ્લા અન્વેષણ સમિતિએ અનુ. જનજાતિના સંદર્ભમાં ભારત સરકાર તથા રાજ્ય સરકારશ્રીના વખતોવખત મળેલ ઠરાવો, પરિપત્રો, નામદાર કોર્ટના ચુકાદાના સંદર્ભે મળતી સૂચનાઓ મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

(૭) આજ રીતે શંકાસ્પદ જણાતા અમુક કેસો કલેકટરશ્રી તરફથી પણ જિલ્લા કક્ષાની સમિતિને તપાસ માટે મોકલી શકાશે.

(૮) રાજ્ય કક્ષાની વિશ્લેષણ સમિતિ પાસે હાલ જે કેસો પડતર છે તેની સમિતિના સચિવશ્રી મારફત સમીક્ષા કરાવી જ્યાં જરૂર જણાય તેવા કેસો જિલ્લા કક્ષાની અન્વેષણ સમિતિ સમક્ષ મોકલી શકાશે.

**અન્વેષણ સમિતિની સત્તાઓ : –**

**અન્વેષણ સમિતિની સત્તાઓઃ**

જાતિ પ્રમાણપત્રો માટે આપેલ ગીર, બરડા અને આલેચ અને આ ઉપરાંત પંચમહાલના સંતરામપુર, કડાણા, લુણાવાડા અને ખાનપુર ક્ષેત્રોથી જે અરજીઓ આવે તે અરજીઓની સમગ્ર ચકાસણી કરી અને તે ઉપર તેમના અહેવાલ અરજી મળ્યાથી ૨૦ દિવસના ગાળામાં સંબંધિત કચેરીને રજૂ કરવો.

(૨) શંકાસ્પદ પ્રમાણપત્રના કિસ્સામાં સમગ્ર તપાસ કરી જેમાં જરૂર જણાય તો સંબંધિત ગામની રૂબરૂ મુલાકાત કરી, ઇસમોના સાહેદોજી જુબાની મેળવી, જિલ્લા કક્ષાએથી રેકર્ડ મેળવી ચકાસી અને મળેલ પુરાવાઓનો અભ્યાસ કરી તેમની વિગતવાર નોંધ સાથે સ્પષ્ટ અભિપ્રાય રાજ્ય કક્ષાની વિશ્લેષણ સમિતિને આપવો.

(૩) જિલ્લા અન્વેષણ સમિતિ પાસેથી રાજ્ય વિશ્લેષણ સમિતિને મળેલ અહેવાલો અને ભલામણો રાજ્યકક્ષાએ ચકાસવામાં આવશે. અને ત્યારપછી રાજ્ય કક્ષાની વિશ્લેષણ સમિતિ જાતિ પ્રમાણપત્ર યથાવત રાખવુ કે રદ કરવું તે અંગે યોગ્ય નિર્ણય લેશે.

આ સમિતિની બેઠક વ્યવસ્થા કલેકટરશ્રીએ કરવાની રહેશે.

**વિશ્લેષણ સમિતિ**

**<u>વિશ્લેષણ સમિતિ –</u>**

(૧)સુપ્રિમ કોર્ટે અનુ. જનજાતિના પ્રમાણપત્રોની ખરાઇ કરવા વિશ્લેષણ સમિતિની રચના કરવા રાજ્યોને જણાવેલ છે. અનુ. જનજાતિના પ્રમાણપત્રોની ખરાઇ કરવા નીચે મુજબ વિશ્લેષણ સમિતિની રચના કરવામાં આવી છે.

| | |
|---|---|
| ૧. અ.મુ. સચિવશ્રી /અ.સ.શ્રી/ સચિવશ્રી આ.વિ.વિ | અધ્યક્ષ |
| ૨. કમિશ્નરશ્રી (આ.વિ.) | સભ્ય |
| ૩. નિયામકશ્રી આ.સ. અને તા. કે. ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ | સભ્ય |
| ૪. નાયબ કમિશ્નરશ્રી (આ.વિ.) | સભ્ય સચિવશ્રી |

**(૨)સમિતિનું વડુ મથક ગાંધીનગર રહેશે.**

(૩) ખોટા અને શંકાસ્પદ પ્રમાણપત્ર અંગે પ્રથમ ફરિયાદ કરનારે સંબંધિત કલેકટરશ્રીને જાણ કરવાની રહેશે.

(૪) કલેકટરશ્રીએખોટા પ્રમાણપત્રો અંગે જરૂરી આધાર-પુરાવા સાથે ચકાસણી કરી પોતાના સ્પષ્ટ અભિપ્રાય સાથે સભ્ય સચિવશ્રી વિશ્લેષણ સમિતિને નિયત સમય મર્યાદામાં દરખાસ્ત કરવાની રહેશે.

**<u>વિશ્લેષણ સમિતિના કાર્યો –</u>**

**વિશ્લેષણ સમિતિના કાર્યો**

(૧) જાતિ પ્રમાણપત્ર આપવાની બાબતે અંગે વખતો વખત નીતિ ઘડવી, ફેરફાર કરવા.

(૨) શંકાસ્પદ પ્રમાણપત્રોની ચકાસણી કરવી, સુનાવણીઓ કરવી, પ્રમાણપત્રો રદ કરવાની કાર્યવાહી કરવી.

(૩) ગેરકાયદેસર પ્રમાણપત્ર ધરાવનાર વ્યક્તિ સામે કાનૂની કાર્યવાહી હાથ ધરવી.

(૪) ખોટું પ્રમાણપત્ર હોવા બાબતે સજા થયેલ ઉમેદવારને ચૂટણીમાં ઉમેદવારી નોંધાવવા માટે ગેરલાયક ઠરાવવો.

(૫) ખોટા પ્રમાણપત્ર બાબતે નોકરી દાતા શૈક્ષણિક સંસ્થાઓના વડાને જાણ કરી વર્તમાન જગ્યાએથી રૂખસર આપતા હુકમો કરવા.

(૬) શંકાસ્પદ જાતિ પ્રમાણપત્ર બાબતે કાનૂની કાર્યવાહી હાથ ધરવી, આખરી નિર્ણય આપવો.

(૭) વિજીલન્સ સેલ તકેદારી અધિકારીને સ્થળ તપાસની સૂચનાઓ આપવી, અહેવાલ મેળવવો.

(૮) વિજીલન્સ સેલની કામગીરી / કર્મચારીઓની સંખ્યા સત્તા સ્ટાફની નિમણુંક વગેરેની કાર્યવાહી હાથ ધરવી.

**<u>વિશ્લેષણ સમિતિની સત્તાઓ-</u>**

**વિશ્લેષણ સમિતિની સત્તાઓ**

(૧) સક્ષમ અધિકારીએ આપેલ જાતિ પ્રમાણપત્રની ખરાઇ કરીને યથાવત રાખવા કે રદ કરવાની સંપૂર્ણ સત્તા વિશ્લેષણ સમિતિને રહેશે.

(૨) સમિતિનો જાતિ પ્રમાણપત્ર બાબતે લીધેલા નિર્ણયો આખરી અને બંધનકર્તા રહેશે જો કે આવા નિર્ણયો ભારતના બંધારણની કલમ ૨૨૬ ની જોગવાઇ બંધનકર્તા રહેશે. સમિતિના ચુકાદા સામે માત્ર સ્પે. લીવ એપ્લીકેશન સિવાય અન્ય કોઇ નામદાર વડી અદાલતમાં અપીલ થઇ શકશે નહિ.

(૩) શંકાસ્પદ પ્રમાણપત્રોના કિસ્સામાં બચાવની વ્યાજબી તકો આપવી / મંજૂર કરવી.

(૪) બચાવની સમય મર્યાદામાં વધારો કરવો.

(૫) રજૂ કરેલા મુદ્દા માન્ય/ અમાન્ય રાખવા.

(૬) ખોટા પ્રમાણપત્રો બાબતે નૈતિક અધપતન ગણી આવુ પ્રમાણપત્ર લેનાર ઉમેદવારને ચૂટણીની ઉમેદવારી માટે ગેરલાયક જાહેર કરવો.

(૭) સજા માટે કાનૂની ફરિયાદ નોંધવી.

(૮) વિશ્લેષણ સમિતિના બિન સરકારી સભ્યને નિયમોનુસાર ટીએ/ડીએ ચુકવવાનું રહેશે અને બિન સરકારી સભ્યોને સદરહું બિલ પર કમિશ્નરશ્રી (આ.વિ.) પ્રતિ સહી કરવાની રહેશે.

ભારત સરકાર અને રાજ્ય સરકાર દ્વારા જાતિ પ્રમાણપત્ર અંગે સૂચનાઓ બહાર પાડવામાં આવી છે. ભારત સરકાર અને રાજ્ય સરકારની સૂચનાઓ અંગે વિરાધાભાસ થાય તો ભારત સરકારની સૂચનાઓ નિર્ણય માટે આખરી ગણાશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(એ. એમ. તિવારી)
સચિવ
આ.વિ.વિ. ૨૧/૦૧/૧૦

પ્રતિ
માન. રાજ્યપાલ્શ્રીના સચિવશ્રી, રાજભનગર, ગાંધીનગર
માન. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી/સચિવશ્રી, બ્લોક નં. ,સચિવાલય, ગાંધીનગર.
માન. મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
માન. સંસદીય સચિવશ્રીઓના અંગત મદદનીશો, સચિવાલય, ગાંધીનગર.
માન. વિરોધપક્ષના તેનાશ્રી, સચિવાલય, ગાંધીનગર.
મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
અગ્ર સચિવશ્રી, નાણાંવિભાગ, સચિવાલય, ગાંધીનગર
અગ્ર સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
સચિવાલયના સર્વે વિભાગો, સચિવાલય, ગાંધીનગર.
કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, બીરસા મુંડા ભવન, ગાંધીનગર.

## પરિશિષ્ટ-૧

**અનુ. જનજાતિઓ (આદિવાસી)ની યાદી, ભારત સરકારની મિનિસ્ટ્રી ઓફ લો, જસ્ટીસ એન્ડ કંપની એફર્સના ૨૦ મી સપ્ટેમ્બર, ૧૯૭૬ ના એક્ટ નં. ૧૦૮ મુજબ**

| | | |
|---|---|---|
| | ૧ | બરંડા |
| | ૨ | બાવચા, બામચા |
| | ૩ | ભરવાડ (આલેચ, ગીર અને બરડા જંગલના નેસ વિસ્તારમાં) |
| | ૪ | ભીલ, ભીલ ગરાસીયા, ઢોલી ભીલ, ડુંગરી ભીલ,ડુંગરી ગરાસીયા, મેવાસી ભીલ, રાવલ ભીલ, તડવી ભીલ, ભાગલીયા, ભીલાલા, પવાર, વસાવા, વસાવે |
| | ૫ | ચારણ (આલેચ, બરડા અને ગીરના જંગલના નેસ વિસ્તારમાં) |
| | ૬ | ચૌધરી (સુરત અને વલસાડ જિલ્લામાં) |
| | ૭ | ચૌધરા |
| | ૮ | ધાનકા, તડવી, તેતરીયા, વાલવી |
| * | ૯ | ઢોડીયા, ઢોડી |
| | ૧૦ | દુબળા, તલાવીયા, હળપતિ |
| | ૧૧ | ગામિત, ગામટા, ગાવિત, માવચી, પડવી |
| | ૧૨ | ગોન્ડ રાજગોન્ડા |
| | ૧૩ | કાથોડી, કાતકરી, ઢોર કાથોડી, ઢોર કાતકરી, સોની કાથોડી, સોની કાતકરી |
| | ૧૪ | કોકણા, કોકણી, કુકણા |
| * | ૧૫ | કોળી (કચ્છ જિલ્લામાં) |
| | ૧૬ | કોળી ઢોર, ટોકેરે કોળી, કોલચા, કોલઘા |
| | ૧૭ | કણબી (ડાંગ જિલ્લો) |
| | ૧૮ | નાયકડા, નાયકા, ચોલીવાલા નાયકા, કાપડીયા નાયકા, મોટા નાયકા નાના નાયકા |
| | ૧૯ | પઢાર |
| * | ૨૦ | પારાધી (કચ્છ જિલ્લો) |
| | ૨૧ | પારધી, અડવીચીચર, ફાણસે, પારધી (અમરેલી, ભાવનગર, જામનગર, જૂનાગઢ, કચ્છ, રાજકોટ અને સુરેન્દ્રનગર જિલ્લા સિવાયના) |
| | ૨૨ | પટેલીયા |
| | ૨૩ | પોમલા |
| | ૨૪ | રબારી (આલેચ, બરડા અને ગીરના જંગલના નેસ વિસ્તારમાં) |

| | | |
|---|---|---|
| | ૨૫ | રાઠવા |
| * | ૨૬ | સીદી (અમરેલી, ભાવનગર, જામનગર, જૂનાગઢ, રાજકોટ અને સુરેન્દ્રનગર જિલ્લામાં) |
| * | ૨૭ | વાઘરી (કચ્છ જિલ્લા) |
| | ૨૮ | વારલી (વાર્લી) |
| | ૨૯ | વીટોળીયા, કોટવાળીયા, બરોડીયા |

- **ગુજરાત સરકાર સમાજિક અધિકારીતા (આદિજાતિ વિકાસ) વિભાગના હુકમ ક્રમાંકઃ અજસ-૨૦૦૩-૨૦-જીઓઆઇ-૨૩-ચ-સચિવાલય, ગાંધીનગર, તા. ૫/૯/૦૩ થી ગુજરાતની અનુસૂચિત જનજાતિઓ બાબતે નીચે મુજબના સૂધારા વધારા કરેલ છે.**

**૯. ઢોડીયા પછી ઢોડી ઉમેરવું**

**૧૫ કોળી (કચ્છ જિલ્લામાં) રદ કરવું.**

**૨૦ પારધી (કચ્છ જીલ્લામાં) રદ કરવું**

**૨૬ સીદી પછી અને કૌંસમાં પહેલાં સીદી બાદશા ઉમેરવું.**

**૨૭ વાઘરી (કચ્છ જિલ્લામાં) રદ કરવું.**

પરિશિષ્ટ-૧

1. Barda
2. Bavcha, Bamcha
3. Bharwad, (in Nesses of the forests of Alech, Barda and Gir)
4. Bhil, Bhil Garasia, Dholi Bhil, Dungri Bhil, Dungari Garasia, Mewasi Bhil, Raval Bhil, Tadvi Bhil, Bhagalia, Bhilala, Pawra, Vasava, Vasave
5. Charan (in Nesses of the forests of Alech, Barada and Gir)
6. Chaudhari (in Surat and Valsad districts)
7. Chodhara
8. Dhanka, Tadvi, Tetaria, Valvi
9. Dhodia, Dhodi
10. Dubla, Talavia, Halpati
11. Gamit, Gamta, Gavit, Mavchi, Padvi
12. Gond, Rajgond
13. Kathodi, Katkari, Dhor Kathodi, Dhor Katkari, Son Kathodi, Son Katkari
14. Kokna, Kokni, Kukna
15. Koli (in Kutch districti) Omit
16. Koli Dhor, Tokre Koli, Kolcha, Kolgha
17. Kunbi (in the Dangs Districts)
18. Naikda, Nayaka, Cholivala Nayaka, Kapadia Nayaka, Mota Nayaka, Nana Nayaka
19. Padhar
20. Pardhi (in Kutch district) Omit
21. Pardhi, Advichincher, Phanse Pardhi (excluding Amreli, Bhavnagar, Jamnagar, Junagadh, Kutch, Rajkot and Surendranagar Districts)
22. Patelia
23. Pomla
24. Rabari (in Ness of the forests of Alech, Barda and Gir)
25. Rathawa
26. Siddi, Siddi-Badshan (in Amreli, Bhavnagar, Jamnagar, Junagadh, Rajkot and Surendranagar Districts).
27. Vaghri (in Kutch district) Omit
28. Varli
29. Vitolia, Kotwalia, Barodia.

## પરિશિષ્ટ-૨

**અનુસુચિત જાતિ / અનુસુચિત જનજાતિના લોકોને જાતિ અંગેનું પ્રમાણપત્ર કાઢી આપવા માટે ભારત સરકાર દ્વારા નિયત કરવામાં આવેલ સત્તા ધરાવતા અધિકારીશ્રીઓની યાદી**

(૧) જિલ્લા મેજીસ્ટ્રેટ / વધારાના જિલ્લા મેજીસ્ટ્રેટ / નાયબ કમિશ્નર / કલેકટર / વધારાના નાયબ કમિશ્નર / નાયબ કલેકટર / પહેલા વર્ગના સવેતન મેજીસ્ટ્રેટ / સીટી મેજીસ્ટ્રેટ પેટા વિભાગીય મેજીસ્ટ્રેટ (પહેલા વર્ગના સવેતન મેજીસ્ટ્રેટથી ઉતરતી કક્ષાના નહિ) તાલુકા મેજીસ્ટ્રેટ / કાર્યપાલક મેજીસ્ટ્રેટ / વધારાના મદદનીશ કમિશ્નર.

(૨) મુખ્ય પ્રેસીડેન્સી મેજીસ્ટ્રેટ / વધારાના મુખ્ય પ્રેસીડેન્સી મેજીસ્ટ્રેટ/ પ્રેસીડેન્સી મેજીસ્ટ્રેટ.

(૩) મામલતદાર થી ઉતરતી કક્ષાના નહી એવા મહેસૂલી અધિકારીઓ.

(૪) ઉમેદવારી અને અથવા તેનું કુટુંબ સામાન્ય રીતે વસવાટ કરતું હોય તે વિસ્તારના પેટા વિભાગીય અધિકારી.

(૫) વહીવટદાર / વહીવટદારના સેક્રેટરી વિકાસ અધિકારી (લક્ષદીપ અને મીનીકોષ ટાપુઓ અનુસુચિત જાતિ / અનુસુચિત જનજાતિના લોકોને જાતિ અંગેનું પ્રમાણપત્ર કાઢી આપવા માટે ભારત સરકારે નિયત કરેલ સક્ષમ અધિકારીશ્રીઓ (પરિશિષ્ટ-૬ માં જણાવેલ)

રાજ્ય સરકારે નિયત કરેલ સત્તા ધરાવતા અધિકારીશ્રીઓની યાદીઃ

(૧) અનુસુચિત જાતિ કલ્યાણ નિયામકશ્રી

(૨) કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ

(૩) જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ

(૪) સમાજ કલ્યાણ અધિકારી (આદિજાતિ) ડાંગ-આહવા, કચ્છ–ભૂજ

(૫) જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ / નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ / તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ

(૬) જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ, વર્ગ-૧

(૭) આદિજાતિ વિકાસ કમિશ્નરશ્રીની કચેરી હસ્તકના તકેદારી અધિકારી વર્ગ-૧.

(૮) અનુસુચિત જાતિ કલ્યાણ નિયામકશ્રી કચેરી હસ્તકના જિલ્લા પછાતવર્ગના કલ્યાણ અધિકારી

વિના મૂલ્યે

## પરિશિષ્ટ-૩

## આદિજાતિ વિકાસ

## ગુજરાત રાજયના અનુસૂચિત જનજાતિના ઇસમો માટે પ્રમાણપત્ર મેળવવા અંગે નિયત નમૂનાનું અરજી પત્રક

| અરજદારનો<br>તાજેતરનો<br>પાસપોર્ટ સાઇઝ<br>ફોટો |
|---|

પ્રતિ,

જિલ્લા તકેદારી અધિકારીશ્રી,

(આદિજાતિ વિકાસ)

ભરૂચ, જિ. ભરૂચ

**વિષય : જાતિ પ્રમાણપત્ર મેળવવા અંગે.**

સવિનય જણવવાનું કે, રાજય સરકારશ્રીને મૂળ ગુજરાત રાજયના અનુસૂચિત જનજાતિ માટે જાહેર કરેલ જાતિઓની યાદીમાં અમારી .......................... જાતિનો સમાવેશ કરવામાં આવેલ હોઇ, જાતિ પ્રમાણપત્ર આપવા વિનંતી છે.

### નિયત નમૂનાની અરજી

૧. અરજદારનું પૂરેપૂરૂ નામઃ .............................. ................................... ..........................

( અટક ) (નામ) (પિતાનું નામ)

હાલનું સરનામું. ...................................................................................................

૨. અરજદારના પિતા/વાલીનું પૂરેપૂરું નામ ...................................................

અને મુળવતનનું સરનામું .......................... ...................... ......................

ગામનું નામ તાલુકો જિલ્લો

૩. ધર્મ : ..................................

૪. જાતિ : ..................................

૫. પેટા જાતિ : ..................................

૬. જાતિ / રહેઠાણ અંગેના રજૂ કરેલા પૂરાવા :

(૧)

(૨)

(૩)

(૪)

(૫)

૭. શાળા છોડ્યાના પ્રમાણપત્રની નીચેની વિગતો આપવી.

(અ) અભ્યાસ કરેલ છેલ્લી શાળાનું નામ/ સરનામું

.................................................................. ......................

(બ) જનરલ રજીસ્ટર નંબર .............................. (ક) પ્રમાણપત્રનો ક્રમાંકઃ ...............................................................

(ડ) ઇસ્યુ કર્યા તારીખ .................................. (ઇ) અને તેમાં દર્શાવેલ પેટા જાતિ .........................................

૮. શાને માટે પ્રમાણપત્રની જરૂર છે? .................................................................................

૯. અગાઉ કોઇ વખત જાતિનું પ્રમાણપત્ર મેળવેલ છે કે કેમ? .........................................................................................

જો હા તો તેની વિગત

૧૦. ભારતના મૂળ ............................................. રાજ્યનો વતની છું.

## બાંહેધરી

આથી હું શ્રી ..........................................................................................................

અને મારા પિતા/ વાલીશ્રી ....................................................................................

બાંહેધરી આપીએ છીએ કે અમોએ રાજ્ય સરકારશ્રીના મળવાપાત્ર લાભો મેળવવાના હેતુથી આ પ્રમાણપત્ર મેળવવાન અરજી કરી છે. આ અરજીમાં જણાવેલ સઘળી હકીકત સંપૂર્ણ સાચી છે. તેમ છતાં જાતિના / રહેઠાણના સમર્થનમાં રજૂ કરેલ દાર્શનિક પુરાવા અને મુળ રેકર્ડ સાથે ખરાઇ કરતા સાચા ન જણાય કે, અમે જણાવેલ હકીકતને તપાસમાં સમર્થન ન મળે અને અમે માત્ર અનામત કે અન્ય સરકારી લાભ લેવા માટે બદ ઇરાદાથી, આ હકીકત કે આધાર ઉભા કર્યાનું પ્રસ્થાપિત થાય તો, રાજ્ય સરકારશ્રી નિયમોનુસાર ફોજદારી ધારા હેઠળ અમારી સામે કાર્યવાહી હાથ ધરી શકશે. સાથોસાથ પ્રમાણપત્ર મેળવ્યા પછી પણ કોઇ તબક્કે અમારી તથા આધાર-પુરાવા બનાવટી /ખોટા કે અનામતો લાભ લેવા માટે ઉભા કર્યા હોવાનો / સુધારા વધારા કરાવ્યાં હોવાનું પુરવાર થાય તો, પ્રમાણપત્રના આધારે મેળવેલ લાભો સરકારશ્રી પરત લઇ જરૂરી શિક્ષાત્મક પગલાં ભરી શકશે તથા વિશ્લેષણ સમિતિ જાતિ પ્રમાણપત્ર બાબતે જે કોઇ આખરી નિર્ણય લેશે તે અમોને બંધનકર્તા રહેશે તેની અમો બાંહેધરી આપીએ છીએ.

અમોએ આ અંગેની તમામ સૂચનાઓ વાંચી, સમજી વિચારીને જાતિ પ્રમાણપત્ર મેળવવા આ અરજી કરીએ છીએ.

અરજદાર / વાલીની સહી

સ્થળઃ

નામઃ

તારીખઃ

## જાતિ પ્રમાણપત્ર મેળવવા રજૂ કરવાના આધાર-પુરાવા

૧. અરજદારની છેલ્લી શાળાનું, શાળા છોડ્યાના પ્રમાણપત્રની અસલ તથા પ્રમાણિત નકલ.

૨. અરજદારના પિતાનું શાળા છોડ્યાના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ તથા જાતિના દાખલાનો

આધાર.

3. અરજદારના રહેઠાણ અંગે રેશનકાર્ડ તથા વીજળી બીલ / ઘરવેરા પહોંચ/ ટેલીફોન બીલ / તલાટી કમ મંત્રીનો દાખલો પૈકીના પુરાવા.

૪. મૂળ વતન અંગે ૭/૧૨ ઉતારો / ૮-અ નો દાખલો વગેરે પૈકીના મહેસુલી પુરાવા.

૫. જાતિ પ્રમાણપત્ર આપનાર અધિકારીને જરૂર જણાય એવા આનુષાંગિક પુરાવા રજૂ કરવાના રહેશે.

## ફકત કચેરીના ઉપયોગ માટે

અરજદારે જાતિ પ્રમાણપત્ર મેળવવા કરેલ અરજીમાં દર્શાવેલ ઉપર પ્રમાણેની વિગત /પુરાવાઓની ચકાસણી કરતાં અરજદાર અનુ. જનજાતિ પૈકી ............................................... જાતિના છે. અને રાજ્ય સરકારે આ જાતિને અનુસૂચિત જનજાતિ તરીકે જાહેર કરેલ યાદીમાં તેઓનો સમાવેશ થતો હોઇ, જાતિ પ્રમાણપત્ર મેળવવાપાત્ર છે. જેથી દાખલો આપીએ.

સંબંધિત કર્મચારીની સહી

**તકેદારી અધિકારી,**
**આદિજાતિ વિકાસ**

**સ્થળ:**
**તારીખ:**

# <u>પહોંચ</u>

(કચેરીના ઉપયોગ માટે)

તમારી તા. ........................................ ની ............................................ જાતિ પ્રમાણપત્ર મેળવવાની અરજી કુલ આધાર કાગળો સાથે મળી છે. આ અરજી પર પ્રમાણપત્ર મળવાપાત્ર હશે, તો દિન-૭માં પ્રમાણપત્ર આપવામાં આવશે અન્યથા દિન-૩૦ પછી અરજીનો જવાબ પાઠવવામાં આવશે આ અંગે કોઇ રજૂઆત કરવા માંગતા હો તો તમે જાતે જ લખીને રૂબરૂમાં કરી શકો છો.

સક્ષમ અધિકારીશ્રીનું નામ, સહી અને હોદ્દો

| |
|---|
| અરજદારનો<br>તાજેતરનો<br>પાસપોર્ટ સાઇઝ<br>ફોટો |

## <u>પરિશિષ્ટ – ૪</u>

### ગુજરાત સરકાર
### ગુજરાતની અનુસૂચિત જનજાતિઓ માટે જાતિ અંગેના પ્રમાણપત્રનો નમૂનો

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે, શ્રી / શ્રીમતિ / કુમારી .................................. શ્રી ............................................... ના પુત્ર / પુત્રી રહેવાસી ..................................... ગામ/નગર ......................................... જિલ્લો ............................. જેઓ (ક) બંધારણ (અનુસૂચિત જનજાતિઓ) ના હુકમ ૧૯૫૦ હેઠળ ગુજરાત રાજ્યમાં અનુસૂચિત જનજાતિ તરીકે માન્ય કરેલ જાતિ પૈકી ...................................... જાતિના છે.

(અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓની યાદીઓ અને ૧૯૫૬ ના (રૂપાંતરિત) હુકમથી સને ૧૯૬૦ ની મુંબઇ નવેસરથી ઘડવામાં આવેલ કાયદાથી સને ૧૯૭૬ ના તથા ત્યારબાદ ના અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓના વખતો વખતના સુધારેલા હુકમથી સુધારવામાં આવે છે.)

સ્થળઃ
તારીખઃ

સહીઃ
નામઃ
હોદ્દોઃ
(કચેરીના સિક્કા સહિત)

(જે શબ્દો લાગુ ન પડતા હોય તે છેકી નાખવા)

રજૂ કરેલ આધારની વિગત

(૧)
(૨)
(૩)
(૪)
(૫)

## પરિશિષ્ટ – ૪

## Form of Caste Certificate

This is to certify that Shri / Shrimati / Kumari ______________ ____________________ son / daughter of ____________________ ______________________________ of Village / Town* ______________

Of the State / Union Territory* ______________________________

belongs to the ______________________________ caste / Tribe*,

which is recognized as a Scheduled Caste
Scheduled Trible

(2) Application in the case of scheduled castes / Scheduled Tribes, persons who have migrated from one state / Union territory Administration);

This certificate is issued on the basis of the Scheduled Caste / Scheduled Tribe certificate issued to Shri / Shrimati ______________ Father / Mother of Shri / Shrimati / Kumari ______________ of villages / Town ______________ in District / Division ______________ of the State / Union Territory* ______________ who belongs to the Scheduled Caste / Scheduled Trible* in the State / Trible* which recognized as a Scheduled Caste / Scheduled Trible* in the State / Union ______________ issued by the ______________ (name of the prescribed authority) vide their No. ______________ dated ______________ .

(3) Shri*/Shrimati*/Kumari* ______________ and his/her family ordinarily reside(s) in village / town* ______________ of ______________ District / division of the State / Union territory of ______________

Signature ______________

Place :______________

Designation ______________
(with seal of office)

Date : ______________

State ______________
Union Territory

* Please delete the words, which are not applicable
@ Please quote specific presidential order
% Delete the paragraph which is not applicable
Note: The terms "Ordinarily reside(s) used here will have the same meaning as in Section-20 of the Representation of the People Act, 1950
* List of authorities empowered to issued Scheduled Castes Scheduled Trible Certificates.

પરિશિષ્ટ-૫

ગુજરાત સરકાર

**અન્ય રાજય / સંઘ પ્રદેશમાંથી ગુજરાતમાં સ્થળાંતર કરીને આવેલી અનુસૂચિત જાતિની વ્યકિતઓ માટે જાતિ અંગેના પ્રમાણપત્રનો નમૂનો :**

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે શ્રી / શ્રીમતિ / કુમારી ____________________ ______________________ શ્રી ________________________________________ નાં પુત્ર / પુત્રી ગુજરાત રાજયના ગામ / નગર _________________ જિલ્લો / વિભાગના રહેવાસી છે અને તેઓ _________________ જાતિના છે. તેઓ જે જાતિના છે તે જાતિને ભારતના બંધારણ (અનુસૂચિત જાતિઓ) હુકમ-૧૯૫૦ તથા ભારતના બંધારણ (અનુસૂચિત જાતિઓ) (સંઘ પ્રદેશ) હુકમ હેઠળ (સને ૧૯૫૬ ના હુક્મથી અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જન જાતિઓના સુધારેલા, ફેરફાર કરેલી યાદીઓ મુંબઇ (પુર્નરચના) ધારો, ૧૯૬૦, પંજાબ પુર્નરચના ધારો / ૧૯૬૬, હિમાચલ પ્રદેશ ધારો, ૧૯૭૦ ઉત્તર-પૂર્વ વિસ્તારો (પુર્ન રચના) ધારો, ૧૯૭૧ અને અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓના હુકમો સુધારો) ધારો, ૧૯૭૬ પ્રમાણે સુધાર્યા મુજબ ભારતના બંધારણ (જમ્મુ અને કાશ્મીર) અનુસૂચિત જાતિઓ, હુકમ, ૧૯૫૬ ભારતના બંધારણ (પાંડિચેરી) અનુસૂચિત જાતિઓ, હુકમ, ૧૯૬૪ ભારતના બંધારણ (ગોવા, દમણ અને દિવ) અનુસૂચિત જાતિઓ, હુકમ ૧૯૭૮ થી અનુસૂચિત જાતિ તરીકે માન્ય કરવામાં આવેલ છે.

## પરિશિષ્ટ-૫ (૧)

આ પ્રમાણપત્રથી શ્રી / શ્રીમતિ / કુમારી ____________________

____________ રહેવાસી ____________ ગામ / નગર / જિલ્લો / વિભાગ ____________ રાજય / સંઘ પ્રદેશને આપવામાં આવેલ અનુસૂચિત જાતિ અંગેના પ્રમાણપત્રના આધારે આપવામાં આવે છે તેઓ ____________ જાતિના છે. જે જાતિના____________ રાજય / સંઘ પ્રદેશમાં અનુસૂચિત જાતિ તરીકે માન્ય રાખવામાં આવી છે.

ઉકત પ્રમાણપત્ર ____________________ (નિયત અધિકારીનું નામ) એ તેમના તા. ____________ ના નંબર ________ થી આપ્યું છે.

શ્રી / શ્રીમતિ / કુમારી ____________________ અને / અથવા તેનું / તેણીનું કુટુંબ સામાન્ય રીતે ____________ ગામ / નગર ____________ જિલ્લો / વિભાગ ____________ રાજય / સંઘ પ્રદેશ ____________ ના નું રહેવાસી છે.

સ્થળ : ____________ સહી : ____________

તારીખ: ____________ હોદ્દો : ____________

(કચેરીના સિકકા સહિત)

X જે શબ્દો લાગુ ન પડતા હોય તે છેકી નાખવા

XX જે ફકરો લાગુ ન પડતો હોય તે છેકી નાખો

અનુસૂચિત જાતિ અંગેનું પ્રમાણપત્ર આપવા માટેના સત્તાધિકારીઓનું પ્રમાણપત્ર

(૧) જિલ્લા મેજીસ્ટ્રેટ / વધારાના જિલ્લા મેજીસ્ટ્રેટ / કલેકટર / મદદનીશ / નાયબ કલેકટર / સવેતન મેજીસ્ટ્રેટ / સીટી મેજીસ્ટ્રેટ / પેટા વિભાગીય મેજીસ્ટ્રેટ / તાલુકા મેજીસ્ટ્રેટ / કારોબારી ન્યાયાધીશ.

(૨) મામલતદારની કક્ષાથી નીચેના નહીં એવા મહેસૂલી અધિકારીઓ.

પરિશિષ્ટ-૫ (૨)

## ગુજરાત સરકાર

અન્ય રાજય / સંઘ પ્રદેશમાંથી ગુજરામાં સ્થળાંતર કરીને આવેલ અનુસૂચિત જાતિની વ્યકિતઓને માટે જાતિ અંગેના પ્રમાણપત્રનો નમૂનો

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે શ્રી / શ્રીમતિ / કુમારી ____________________ ____________________ શ્રી ____________________ ના પુત્ર / પુત્રી ગુજરાત રાજયના ગામ / નગર ____________________ જિલ્લો / વિભાગના રહેવાસીછે અને તેઓ ____________ જાતિના છે તેઓ જે જાતિના છે તે જાતિને ભારતના બંધારણ (અનુસૂચિત જનજાતિ) હુકમ-૧૯૫૦ તથા ભારતના બંધારણ (અનુસૂચિત જનજાતિ) (સંઘ પ્રદેશ) હુકમ ૧૯૫૧ હેઠળ ૧૯૫૬ ના હુકમથી અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓના સુધારેલી (ફેરફાર કરેલી) યાદીઓ મુંબઇ પુર્નરચના ધારો, (પુર્નરચના) ધારો, ૧૯૬૦, પંજાબ પુર્નરચના ધારો / ૧૯૬૬, હિમાચલ પ્રદેશ ધારો, ૧૯૭૦ ઉત્તર-પૂર્વ વિસ્તારો (પુર્ન રચના) ધારો, ૧૯૭૧ અને અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓના હુકમો (સુધારો) ધારો, ૧૯૭૬ પ્રમાણે સુધાર્યા મુજબ ભારતના બંધારણ (આંદામાન અને નિકોબાર ટાપુઓ) અનુસૂચિત જાતિઓ, હુકમ, ૧૯૫૯ ભારતના બંધારણ (દાદર અને નગર હવેલી) અનુસૂચિત જાતિઓ, હુકમ, ૧૯૬૨ ભારતના બંધારણ (ઉત્તર પ્રદેશ) અનુસૂચિત જાતિઓ, હુકમ ૧૯૬૭ થી ભારતના બંધારણ ગોવા, દમણ દીવ) અનુસૂચિત જાતિઓ હુકમ ૧૮૬૮ ભારતમાં બંધારણ (નાગાલેન્ડ) અનુસૂચિત જાતિઓ હુકમ ૧૯૭૦ ભારતના બબ્ધારણ (સિકકમ) અનુસૂચિત જાતિઓ, હુકમ ૧૯૭૮ થી અનુસૂચિત જાતિ તરીકે માન્ય કરવામાં આવેલ છે.

આ પ્રમાણપત્રથીશ્રી / શ્રીમતિ / કુમારી ______________________________ ના

પિતા / માતાશ્રી / શ્રીમતિ __________________ રહેવાસી ગામ / નગર __________

જિલ્લો / વિભાગ ______________ રાજય / સંઘ પ્રદેશને આપવામાં આવેલ અનુસૂચિત જન જાતિ અંગેના પ્રમાણપત્રને આધારે આપવામાં આવે છે.

તેઓ ________________ અનુસૂચિત જન જાતિના છે જે જાતિને ________________

રાજય / સંઘ પ્રદેશમાં અનુસૂચિત જનજાતિ તરીકે માન્ય રાખવામાં આવી છે.

ઉકત પ્રમાણપત્ર __________________________________ (નિયત અધિકારીનું નામ)

એ તેમના તા. ________________ ના નંબર ________ થી આપ્યું છે.

શ્રી / શ્રીમતિ / કુમારી ____________________________________ અને અથવા તેનુ /

તેણીનું કુટુંબ સામાન્ય રીતે __________________ ગામ / નગર ________________

જિલ્લો / વિભાગ ________________________ રાજય / સંઘ પ્રદેશ _____________ ના

નું રહેવાસી છે.

સ્થળ : ____________________ સહી : ____________________

તારીખ: ____________________ હોદો : ____________________

(કચેરીના સિકકા સહિત)

X જે શબ્દો લાગુ ન પડતા હોય તે છેકી નાખવા

XX જે ફકરો લાગુ ન પડતો હોય તે છેકી નાખો

અનુસૂચિત જાતિ અંગેનું પ્રમાણપત્ર આપવા માટેના સત્તાધિકારીઓનું પ્રમાણપત્ર

(૧) જિલ્લા મેજીસ્ટ્રેટ / વધારાના જિલ્લા મેજીસ્ટ્રેટ / કલેકટર / મદદનીશ / નાયબ કલેકટર / સવેતન મેજીસ્ટ્રેટ / સીટી મેજીસ્ટ્રેટ / પેટા વિભાગીય મેજીસ્ટ્રેટ / તાલુકા મેજીસ્ટ્રેટ / કારોબારી ન્યાયાધીશ.

(૨) મામલતદારની કક્ષાથી નીચેના નહીં એવા મહેસૂલી અધિકારીઓ.

## પરિશિષ્ટ-૬

ગીર, આલેચ અને બરડાના જંગલ વિસ્તારના નેસોમાંથી સ્થળાંતર કરી ગયેલ રબારી ઈસમો પૈકી પાત્ર ઈસમોને અનુસૂચિત જનજાતિ પ્રમાણપત્ર આપવા બાબતે થયેલ કાર્યવાહીની માહિતી.

માસ : ___________________

તાલુકો : _______________

જિલ્લો : _______________

| અ.નં. | હાલના સમયે પડતર અરજીઓની સંખ્યા (૧/૧/૯૫ થી) | માસ દરમ્યાન મળેલ અરજીઓની સંખ્યા | કોલમ ૨ અને કોલમ ૩ નો સરવાળો | માસ દરમ્યાન નિકાલ થયેલ અરજીઓ | | માસના અંતે પડતર અરજીઓ | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | મંજૂર | નામંજૂર | બે માસ સુધીના | બે માસથી ઉપરના |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |